Mo. 99242 52499

# JILLA CONGRESS SAMITI DEVBHUMI DWARKA

PALBHAI AMBLAIYA
President

At-Hanjadapar,
Ta-Jamkhambhaliya,
Dist- Devbhumi Dwarka.
Email:pal.gpcc@gmail.com

Date : 17-7-2026

પ્રતિ,
મુખ્યમંત્રીશ્રી,
મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય,
સ્વર્ણિમ સંકુલ - 1,
વિધાનસભા પરિસર,
ગાંધીનગર.

વિષય :- તારીખ 4/7/2026 ના રાજ્ય સરકારના થરાવના નામે ખેડૂતોને મૂર્ખ બનાવવાનું બંધ કરવા બાબત.

સંદર્ભ :- તારીખ 10/7/2026 નો નાયબ કલેક્ટર અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, ભચાઉનો પત્ર

મહોદયશ્રી,

જય જગત સાથ જણાવવાનું કે ગુજરાતમાં ખેડૂતોના ખેતરમાંથી વીજ લાઈનો પસાર કરી 25 -30 વર્ષ સુધી ધંધો કરતી મહાકાય રાક્ષસી વીજ કંપનીઓ સામે ગુજરાત કિસાન કોંગ્રેસ અને ગુજરાત કિસાન સંઘર્ષ સમિતિ સતત લડત કરી રહી છે અને રાજ્ય સરકાર જાણે આ રાક્ષસી વીજ કંપનીઓના ખોળે બેસી ગઈ હોય તેમ વર્ષ 2017 થી સતત ખેડૂત વિરોધી પરિપત્રો કરી રહી છે. કાયદો જ્યારે માર્કેટભાવના 4 ગણું વળતર આપવાનું કહે છે તો સરકાર શા માટે જંત્રી ભાવે વર્ષ 2017 થી 2023 સુધી પરિપત્ર કરતી રહી અને કંપનીઓને વીજ લાઈનો પસાર કરવા માટે પોલીસ પ્રોટેક્શન આપતી રહી ? ઉપરોક્ત ખેડૂતોની બન્ને સંસ્થાઓની સતત લડતના કારણે સરકારને મજબુર બનીને એક નવો પરિપત્ર કરવાની ફરજ પડી અને તારીખ 4/7/2026 ના રોજ પરિપત્ર કર્યો પણ એ પરિપત્ર પણ ખેડૂતોના હિત માટે નહીં પરંતુ રાક્ષસી વીજ કંપનીઓના ફાયદાઓ માટે જ બનાવ્યો હોય તેવું લાગે છે. જેના કારણો નીચે મુજબ છે.

1) 2013 જમીન સંપાદન કાયદામાં માર્કેટભાવના 4 ગણું વળતરની જોગવાઈ હોવા છતાં 2 ગણું વળતરનો પરિપત્ર કરવામાં આવ્યો

2) ખેડૂતો, કિસાન કોંગ્રેસ, કિસાન સંઘર્ષ સમિતિ સહિતના ખેડૂત સંગઠનો, વિરોધપક્ષ તરીકે કોંગ્રેસ પક્ષની માંગ હતી કે ખેડૂતોને માર્કેટભાવના 4 ગણું અથવા પોલદીઠ 50 હજાર માસિકભાડુ (દર વર્ષે 10% વધારા સાથે) અથવા એક સામટું એકીસાથે પોલદીઠ 2 કરોડ રૂપિયા સરકારે આ માંગ પર વિચાર કર્યા વગર જ કંપનીઓના હિતને ધ્યાનમાં રાખીને પરિપત્ર કર્યો

3) 2025 કેન્દ્ર સરકારના પરિપત્રની કોપી કરી પણ એમાં કંપનીઓના હિતને ધ્યાનમાં રાખી સુધારાઓ કર્યા કેન્દ્ર સરકારના પરિપત્ર મુજબ ખેડૂત અને વીજ કંપનીઓ દ્વારા વેલ્યુઅર નિમવાના અને આ બન્ને વેલ્યુઅર જે કિંમત નક્કી કરે તેના આધારે બજાર કિંમત નક્કી કરવાની અને જો ડિસ્પ્યુટ થાય તો કલેક્ટર થર્ડ પાર્ટી તરીકે વેલ્યુઅર નિમવાની જોગવાઈ હતી. રાજ્ય સરકારે તેમાં સુધારો કરીને બે ની જગ્યાએ ત્રણ વેલ્યુઅર 1) કંપની, 2) ખેડૂત અને 3) કલેક્ટર એમ ત્રણ વેલ્યુઅર નિમવાની જોગવાઈ કરી જે ખેડૂત વિરોધી છે. (કેમ કે કલેક્ટર તો ઓલરેડી અત્યારેય કંપનીઓના જ પ્રતિનિધિ છે.

4) પરિપત્રમાં કેન્દ્ર સરકારની ગાઈડ લાઇનથી અલગ કંપનીઓના ફાયદા માટે બે ની જગ્યાએ ત્રણ વેલ્યુઅર ઉપરાંત ત્રણ બંધ કવર પૈકી 2 ડ્રો સિસ્ટમ થી લેવાના જે ખેડૂત વિરોધી છે કેમ કે ત્રણ માંથી બે કંપની અને કંપનીની દલાલી કરતા સરકારના પ્રતિનિધિ છે તો બહુમતી માં એ જ આવશે ને ખેડૂતનો પ્રતિનિધિ તો બાજુમાં હાંસિયામાં ધકેલાઈ જશે

5) સરકારનો ખાનગી કંપનીઓ પ્રત્યેનો પ્રેમ અહીં છલકાઈ રહ્યો હોય તેવું લાગે છે પહેલા બે ની જગ્યાએ ત્રણ વેલ્યુઅર નક્કી કરી કંપનીઓને બહુમતીમાં મૂકી બંધ કવર ને ડ્રો સિસ્ટમ લઈ આવ્યા બાદ જે બે કવર ડ્રો થી પસંદ કરવામાં આવશે તેમાં સૌથી નીચા ભાવનો સ્વીકાર કરવામાં આવશે. આવું શા માટે ? નીચો ભાવ જ કેમ ?? શું સરકાર જ્યારે કોઈ સંસ્થા કે વ્યક્તિને સમાજના કલ્યાણકારી કાર્યો કરવા માટે જગ્યા આપે છે ત્યારે આવી કોઈ પદ્ધતિ અમલમાં મૂકે છે ?? જો ના તો ખેડૂતોની જમીન ધંધો કરવા માટે કંપનીઓને આપવાની હોય ત્યારે આવી અન્યાયકારી પદ્ધતિ અમલમાં કેમ ??

6) ખેડૂતોની જે જમીનમાં વીજ પોલ કે વીજ વાયર પસાર થશે તેની બજાર કિંમત 50% પણ ઓછી થઈ જાય છે તે ઘટતી કિંમત બાબતે સરકાર દ્વારા આ પરિપત્રમાં કોઈ ઉલ્લેખ જ કરવામાં આવ્યો નથી. ખેડૂતોની આ ઘટતી કિંમત કોણ ભરપાઈ કરશે ? સરકાર કે વીજ કંપની ?

7) પરિપત્રમાં સરકારે વીજ પોલમાં આવતી જગ્યાનો સમાવેશ 2 ગણા વળતરમાં કર્યો છે પણ જ્યાં વાયર (કોરિડોર) પસાર થવાનો છે ત્યાં માત્ર બજાર કિંમતના જ રૂપિયા (બે ગણું નહિ) નક્કી કર્યા છે આવો ભેદભાવ શા માટે ??

Mo. 99242 52499

# JILLA CONGRESS SAMITI DEVBHUMI DWARKA

PALBHAI AMBLAIYA
President

At-Hanjadapar,
Ta-Jamkhambhaliya,
Dist- Devbhumi Dwarka.
Email:pal.gpcc@gmail.com



8) જે સરકારે પરિપત્રમાં વીજ પોલ ની ફરતે એક એક મીટર જગ્યામાં વધારો કરી વળતર આપવાની જોગવાઈ કરી એ જ સરકારમાં જ્યારે ખેડુત એ જ ખેતર બિન ખેતી માટે મુકશે ત્યારે એ જ સરકાર બિલ્ડિંગ કન્ટ્રોલ લાઈનના નિયમને આગળ કરી પોલ ને ફરતે 10 - 10 મીટર જગ્યા મૂકી પછી જ અમારું ખેતર બિન ખેતીનો હુકમ કરશે. અમારા ખેતરમાં ધંધો કંપનીઓ કરે અને અમારે 10 - 10 મીટર જગ્યા છોડવાની અને સરકાર વળતર કંપનીઓ પાસેથી માત્ર 1 - 1 મીટર નું જ અપાવે આવું શા માટે ??
9) એવી જ રીતે જ્યારે અમે અમારું ખેતર બિન ખેતીમાં મૂકીએ ત્યારે તાર પસાર થતા હોય ત્યારે તારનો નક્કી થયેલ કોરિડોર ઉપરાંત બન્ને બાજુ 10 - 10 મીટર જગ્યા છોડ્યા પછી જ બિન ખેતી નો હુકમ થાય. (દા. ત. 765 kv લાઈનમાં 67 મીટર કોરીડોર +10+10 = 87 મીટર) તો અમારે આ 20 મીટર વધારાની જગ્યા છોડવી પડે તે બાબતે સરકારે કેમ કઈ જ ન વિચાર્યું ??
10) સરકારે કોરિડોરની કિંમત નક્કી કરવામાં શહેર અને ગામડાઓ વચ્ચે પણ ભેદરેખા ખેંચી છે. પરિપત્ર મુજબ કોરિડોરની કુલ

કિંમતના 30% ગામડાને, 45% નગરપાલિકા વિસ્તાર ને અને 60% મહાનગર પાલિકા વિસ્તારમાં મળશે એવો નિર્ણય કર્યો છે. આવો ભેદભાવ શા માટે ?? જ્યારે MRC કિંમત નક્કી જ કરવાની છે ત્યારે શહેર માં જે કિંમતી જમીન હશે ત્યાં ઊંચા ભાવ MRC નક્કી કરશે ને જ્યાં નીચા ભાવ હશે ત્યાં નીચા નક્કી કરશે તો કોરિડોરની કુલ કિંમતની ટકાવારીમાં ભેદભાવ શા માટે ??
11) ગુજરાતમાં વીજ લાઈનોમાં સૉર્ટ સર્કિટ, થાંભલો પડવો, તાર તૂટવાની ઘટનાઓ છાશવારે બને છે આ ઘટનાઓમાં દર વર્ષે અંદાજે 25 - 30 લોકો જીવ ગુમાવે છે અને અંદાજે 100 થી 120 ખેડૂતોના ખેતરોમાં ઉભેલો પાક સળગીને ખાખ થઈ જાય છે ત્યારે અમારી માંગ હતી અને છે કે આવી આકસ્મિક ઘટનાઓ સામે ખેડૂતોને વીમા કવચ મળે તેનું સંપૂર્ણપણે પ્રીમિયમ વીજ કંપનીઓ ભરે. જ્યારે આવી આકસ્મિક ઘટનાઓમાં ખેડૂત કે મજૂર કોઈપણ નું મૃત્યુ થાય, કાયમી ખોડ ખાપણ ઉભી થાય તો તે પરિવારને ઓછામાં ઓછા 15 કરોડ અને જે ખેડૂતોને પાક નુકશાની થાય તેને 10 લાખ રૂપિયા તાત્કાલિક આપવામાં આવે

મહોદયશ્રી ઉપરોક્ત બાબતો આપે કરેલ પરિપત્રમાં જે જે ખેડૂત વિરોધી છે તે આપના ધ્યાન પર લાવવા માટે મૂકી છે પણ આ જ પરિપત્રનો અમલ કરતો પત્ર તારીખ 10/7/2026 ના રોજ કચ્છ જિલ્લામાં ભચાઉના નાયબ કલેક્ટર અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ દ્વારા કરવામાં આવ્યો છે તેના પરથી સરકાર કેટલી ખેડૂત વિરોધી અને રાક્ષસી વીજ કંપનીઓને કેટલો પ્રેમ કરે છે તે સાબિત થઈ ગયું છે. સરકારશ્રીના પ્રવક્તા મંત્રી અને કૃષિમંત્રી જીતુભાઇ વાઘાણી એ પ્રેસ કોંફરન્સમાં જે કહ્યું હતું કે અસરગ્રસ્ત ખેડૂતો જમીનની કિંમત નક્કી કરવા માટે પોતાનો વેલ્યુઅર નિમિ શકશે તે વાતનો અહીં સંપૂર્ણપણે છેદ ઉડાડી દેવામાં આવ્યો છે જે પત્ર મુજબ અમારા કેટલાક સવાલ આપશ્રીને છે જે નીચે મુજબ છે.
1) આ પત્ર મુજબ સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ સાહેબે 28 ગામોના સરપંચને માર્કેટ રેટ કમિટી બનાવવા માટે બોલાવ્યા છે એમાં ક્યાંય અસરગ્રસ્ત ખેડૂતોનો તો સમાવેશ કરવામાં આવ્યો નથી તો સવાલ એ છે કે શું તમામ સરપંચશ્રીઓની જમીનમાં વીજ લાઈન આવે છે ?  જો ના તો અસરગ્રસ્ત ખેડૂતોના બદલે સરપંચશ્રીઓને શા માટે બોલાવવામાં આવ્યા ?
2)અસરગ્રસ્ત ખેડૂતોનો કમિટિ માં સમાવેશ કેમ નહિ ?
3) 28 ગામની એક કમિટી કેવીરીતે 28 ગામોની જમીનની કિંમત નક્કી કરી શકે ??
4) એક જ ગામમાં જમીનની કિંમત અલગ અલગ હોય છે તો 28 ગામની એક કમિટી સામુહિક માર્કેટભાવ કેમ નક્કી કરે ?/
5) ગ્રામ્ય વિસ્તાર નજીક, ઔદ્યોગિક વસાહત નજીક, રોડ નજીક જમીનની કિંમત ખૂબ વધારે હોય જ્યારે દૂર સુદૂર આવેલ જમીનની કિંમત અલગ અલગ હોય ત્યારે 28 ગામો માટે એક કમિટી બનાવી ખેડૂતોને હળાહળ અન્યાય કરવાનું આ સરકારનું ષડયંત્ર છે
6) જ્યારે કોઈ સામાજિક સંસ્થા, ટ્રસ્ટ સમાજ કલ્યાણના કામો જેવા કે બહેરા, મૂંગા આંધળા બાળકો માટે શાળા ખોલવા માંગતા હોય, ગૌશાળા કે લાઈબ્રેરી ખોલવા માંગતા હોય અને સરકારી ખરાબાની જગ્યા સરકાર પાસે માંગે તો જેટલા માગણીદાર હોય એટલી દરેક જગ્યા માટે સરકાર અલગ અલગ જમીન મૂલ્યાંકન સમિતિ બેસાડે છે તો એવો જ રીતે  જેટલા ખેડૂતોના ખેતરમાં વીજ પોલ કે વીજ લાઈન નીકળતી હોય તેટલી કમિટિ બેસવી જોઈએ અને દરેક ખેતરની અલગ કિંમત છે એ મુજબ કિંમત નક્કી થવી જોઈએ
7) મુદ્દા નંબર 6 માં જણાવ્યા મુજબ જ્યારે સામાજિક સંસ્થાઓ કે ટ્રસ્ટ સરકાર પાસે ખરાબાની જમીન માંગે છે ત્યારે જિલ્લા જમીન મૂલ્યાંકન સમિતિ તેના અલગ અલગ ફેક્ટર (ગામની નજીક, રોડની નજીક, ઔદ્યોગિક વસાહત નજીક ) ની કિંમત ઉમેરે છે એ ઉપરાંત 100%થી લઈ 500 - 1000% સુધી સોલિસિયમ ઉમેરે છે તેવી જ રીતે ખેડૂતોના ખેતરોમાં પણ અલગ અલગ ફેક્ટર અને સોલિસિયમ ઉમેરવું જોઈએ

મહોદયશ્રી ઉપરોક્ત તમામ બાબતોને ધ્યાનમાં રાખીને તારીખ 4/7/2026 નો પરિપત્રમાં સુધારો કરી કંપનીઓ માટે નહીં પણ ખેડૂતો માટે સરકાર છે તેવું સાબિત કરવું જોઈએ.

આપનો આભાર

લી.આપનો  વિશ્વાસુ

પાલભાઇ  આંબલિયા
ચેરમેન
ગુજરાત  કિસાન  કોંગ્રેસ
મો.૯૯૨૪૨૫૨૪૯૯